ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# રાજ્યમાં ચૂંટણી પ્રચારનો ધમધમાટ

## તમામ પક્ષોએ સઘન પ્રચારના શ્રીગણેશ કર્યા : ભાજપે પ્રધાનમંત્રી મોદીને, કોંગ્રેસે ગેહલોતને અને આપે કેજરીવાલને પ્રચારમાં ઉતાર્યા : સ્ટાર પ્રચારકોના ગુજરાતમાં ધામા

ગાંધીનગર, તા. ૬

ચૂંટણી જાહેર થતાં જ તમામ રાજકીય પક્ષો હરકતમાં આવી ગયા છે. ચૂંટણી માટે હવે ખુબ ઓછા દિવસો બાકી હોઈ રાજકીય પક્ષોએ સમય ગુમાવ્યા વિના વ્યાપક પ્રચારનો પ્રારંભ કરી દીધો છે. આજે રવિવારે રાજકીય પક્ષોએ ગુજરાતના જુદા જુદા ભાગોમાં સઘન ચૂંટણી પ્રચારનો પ્રારંભ કરી મહત્તમ બેઠકો જીતવાનો નિર્ધાર વ્યક્ત કર્યો છે.

૨૦૨૨ની ચૂંટણી તમામ મોટા રાજકીય પક્ષો માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગઈ છે. ભારતીય જનતા પાર્ટીએ આ વખતે મહત્તમ બેઠકો જીતીને રેકોર્ડ બનાવવો છે. કેન્દ્રમાં સત્તાપક્ષે નરેન્દ્ર મોદીની સરકાર હોઈ ભાજપને પ્રચાર અભિયાનમાં જોરદાર સાથ સહકાર મળી રહ્યો છે. સ્થાનિક મુદ્દાઓ સિવાય અન્ય કોઈ મુદ્દાઓ ભાજપ પર હાવી પણ થતાં હોય તેવુ લાગતુ નથી. માત્ર પ્રધાનમંત્રી મોદીનુ નામ જ પુરતુ છે. ગુજરાત ભાજપે વધુ કોઈ તસ્દી લીધા વિના પ્રધાનમંત્રી મોદીને જ પ્રચાર અભિયાનમાં લગાવ્યા છે. રવિવારની રજાના દિવસે નરેન્દ્ર મોદીએ દક્ષિણ ગુજરાત અને ભાવનગરમાં વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપી ચૂંટણી સભા સંબોધી હતી. આદિવાસીઓની બહુ મોટી વોટબેંક દક્ષિણ ગુજરાતમાં હોઈ મોદીએ વલસાડ જિલ્લાના નાના પોંઢામાં ચૂંટણી સભા યોજી ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કર્યા હતા. ત્યારબાદ તેઓ ભાવનગર પહોંચ્યા હતા અને અહીં અનાથ દિકરીઓના સમૂહલગ્નમાં ભાગ લઈ અહીંના મતદારોને આકર્ષવાનો પ્રયાસ કર્યો હતો. આમ આદમી પાર્ટી આ વખતે ત્રીજા પક્ષ તરીકે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં જોડાયો છે. આમ આદમી પાર્ટીના સુપ્રિમો અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પ્રચાર અભિયાનનો મુખ્ય ચહેરો છે. તેઓ આ વખતોવખત ગુજરાતની મુલાકાત યોજી રહ્યા છે. ચૂંટણી જાહેર થયા બાદ કેજરીવાલે સૌરાષ્ટ્રથી પ્રચાર અભિયાનનો પ્રારંભ કર્યો છે. તેઓએ ચોટીલા, વાંકાનેર અને રાજકોટમાં રોડ શૉ યોજ્યો હતો. રાજકોટના રોડ શૉ માં આ ભવ્ય રોડ શૉ એ ચૂંટણી પ્રચાર જંગમાં ભારે ચર્ચા જગાવી છે. તો કોંગ્રેસે આ વખતે બધા જ મુદ્દાઓને બાજુ પર મુકી દઈને રાજસ્થાન મોડેલના આધારે ચૂંટણી પ્રચાર આરંભ્યો છે. રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે પણ રવિવારની રજાનો ફાયદો ઉઠાવી પ્રચાર શરૂ કર્યો છે. તેઓ સૌરાષ્ટ્રના અમરેલીથી પ્રચાર અભિયાન શરૂ કર્યુ છે. તેઓ અહીં કોંગ્રેસ દ્વારા આયોજીત પરીવર્તન સંકલ્પયાત્રામાં જોડાયા હતા.

## @-ઈલેક્શન

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કપરાડાની જાહેરસભામાં આ ચૂંટણી માટે નવુ સ્લોગન આપ્યુ 'મે બનાવ્યુ ગુજરાત'
- ભાવનગરમાં ૬૫૧ અનાથ દિકરીઓના સમૂહલગ્નમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હાજરી આપી દિકરીઓને આશીર્વાદ આપ્યા.
- આપના સુપ્રિમો અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે વાંકાનેર, ચોટીલા અને રાજકોટમાં રોડ શૉ યોજ્યા.
- રાજકોટના ભવ્ય રોડ શૉ ની મીડિયામાં ચર્ચા.
- ઉંઝામાં સ્થાનિક ઉમેદવારને ટીકીટ આપવા ૨૫૫ કાર્યકરોએ પાટીલને પત્ર લખ્યો.
- કચ્છ કોંગ્રેસમાં જિલ્લાના અગ્રણી રાજેન્દ્રસિંહ જાડેજાએ કોંગ્રેસમાંથી રાજીનામુ આપ્યુ.
- સૌરાષ્ટ્રમાં લેઉવા પાટીદાર બાદ કડવા પાટીદાર સમાજના અગ્રણી જયરામભાઈ પટેલે દસ ટીકીટ આપવા ભાજપ સમક્ષ માંગ કરી.
- અમરેલીમાં કોંગ્રેસની પરીવર્તન સંકલ્પયાત્રામાં રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત જોડાયા.
- દ્વારકામાં આપના મુખ્યમંત્રીના ઉમેદવાર ઈસુદાન ગઢવીની જંગી બાઈકરેલી યોજાઈ.
- રાજસ્થાન બોર્ડર ઉપર ગુજરાત પોલીસ દ્વારા લીકર અને હથીયારોનો પ્રવેશ રોકવા સઘન ચેકીંગ હાથ ધરાયુ.
- કોંગ્રેસના દિગ્ગજ નેતા ભરતસિંહ સોલંકી પર નારાજ કાર્યકરે સ્યાહી ફેંકી.
- કોંગ્રેસ દ્વારા પાંચ વર્ષની ભાજપની નિષ્ફળ કામગીરીનુ ૩૬ પાનાનુ આરોપનામુ જાહેર કરાયુ.
- પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને નડીયાદ, સોજીત્રા અને બોરસદમાં રોડ શૉ યોજ્યો હતો.
- લીંબાયત બેઠક પર ભાજપના કાર્યકરોએ સંગીતા પાટીલનો ઉગ્ર વિરોધ કર્યો.

## જિલ્લામાં રવિ સીઝનની વાવણીનો આરંભ કરાયો

### વાવણી માટે ખેડૂતો તૈયારીઓમાં વ્યસ્ત : ઘઉં, રાઈ, બટાટા અને શાકભાજી તેમજ ઘાસચારાનું વાવેતર શરૂ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં રવિ સીઝનની વાવણીનો આરંભ થઈ ગયો છે. જો કે હાલ જિલ્લામાં બેવડી ઋતુ પ્રવર્તી રહી છે પણ રાતના સમયે ઠંડીએ જે ચમકારા બતાવવાના શરૂ કર્યા છે તેનાથી ખેડૂતોમાં ઉત્સાહ જોવા મળ્યો છે અને આ વખતે રવિ સીઝનનું વાવેતર સારૂ થશે તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લામાં આમ તો ડિસેમ્બરના આરંભથી શિયાળો જામશે એવી વાતો લોકો કરી રહ્યા છે. જિલ્લામાં આ વખતે ગાંધીનગર અને માણસા તાલુકામાં ચોમાસાની વરસાદની ઘટ ૨૦ ટકા જેટલી હોવા છતાં ખેડૂતોને રવિ સીઝનનું વાતાવરણ સાનુકૂળ રહેશે તેવો વિશ્વાસ છે.

જિલ્લામાં મળતી વિગતો પ્રમાણે આજ સુધીમાં ૧૬૦૦ હેક્ટરમાં વાવેતર થઈ ચુકયુ છે. જેમાં દહેગામમાં ૩૮૭, ગાંધીનગરમાં ૭૧૫, કલોલમાં ૫૫ તેમજ માણસામાં ૩૯૫ હેક્ટરનો સમાવેશ થાય છે.

જિલ્લામાં આ વખતે રાઈ, શાકભાજી, બટાટાનું વાવેતર વધુ થશે તેમ મનાઈ રહ્યુ છે. જિલ્લાનો મુખ્ય પાક ગણાતા ઘઉંનું વાવેતર માટે ખેડૂતો બહુ ઉત્સાહી જણાતા નથી કારણ કે શ્રમિકોની સમસ્યા પણ નડી રહી છે અને મોઘુ બિયારણ પણ ખેડૂતોને મુંઝવણમાં વધારો કરી રહેલ છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં બટાટાનું વાવેતર ગાંધીનગર અને દહેગામમાં વધુ થયુ છે. મળતી વિગતો પ્રમાણે ૫૫૩ હેક્ટરમાં આ પાકનું વાવેતર થયુ છે.

રોકડિયા પાક ગણાતા શાકભાજીનું વાવેતર ૧૫૦ હેક્ટરમાં થયુ

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લા પંચાયત સંકુલને નોનયુઝ જાહેર કરવાની કામગીરી અંતિમ તબક્કામાં

### વૈકલ્પિક જગ્યા તાત્કાલિક ફાળવવા સરકારમાં રજુઆત

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લા પંચાયતના સંકુલને ''નોનયુઝ'' જાહેર કરવાની કામગીરી તેના અંતિમ તબક્કામાં હોઈ જિલ્લા સત્તાવાળાઓએ તાત્કાલિક તેનુ નવુ વૈકલ્પિક મકાન ફાળવવા માટેની દરખાસ્તો સરકારમાં રજુ કરી દેવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતના નવા સંકુલ માટે જમીન ફાળવવાના મુદ્દે ચૂંટાયેલી પાંખ અને વહીવટીય પાંખ વચ્ચે ઉભી થયેલી તિરાડ શમી નથી ત્યાં બિલ્ડીંગની સક્ષમતાને ચકાસવા માટે સુરતની કોલેજને અપાયેલ અભ્યાસનો અહેવાલ તંત્રના અધિકારીઓને મળી ગયો છે અને બિલ્ડીંગને ''નોનયુઝ'' જાહેર કરવાની કવાયત તેના અંતિમ તબક્કામાં છે.

જો કે આ બિલ્ડીંગને નોનયુઝ જાહેર કરતાં પહેલાં છેલ્લા બે-ત્રણ દિવસથી નેશનલ ફોરેન્સીક યુનિ.ના વિદ્યાર્થીઓ પણ બિલ્ડીંગનો




અભ્યાસ કરી રહ્યા છે અને તે પણ સ્ટ્રક્ચરની સક્ષમતાને ચકાસી રહ્યા હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લા પંચાયતમાં ચૂંટાયેલી પાંખ અને વહીવટીય પાંખ વચ્ચે આ અંગેના મતભેદો હવે જાહેર થઈ ચુકયા છે. નવી જગ્યા ફાળવવા અંગે સરકારમાં રજુઆતો કરાયા બાદ કેન્દ્રીય ગૃહમંત્રીને પણ દરમ્યાનગીરી કરી તાત્કાલિક જમીન ફાળવવામાં આવે અથવા આ બિલ્ડીંગ તોડી નવુ બિલ્ડીંગ બનાવવાની મંજૂરી આપવામાં આવે તેવી રજુઆત કરી હતી પણ તે પછીય હજુ નિવેડો આવ્યો નથી.

એક તબક્કે કલેકટર ઓફિસની પાછળ જગ્યા ફાળવવા સરકારે તૈયારી બતાવી હતી પરંતુ આ પછી ફાઈલ અભેરાઈએ ચડી ગઈ હતી કારણ કે મનપાએ પણ 'ચ' રોડ નજીક તેના મકાન માટે જગ્યા ફાળવવા રજુઆત કરી હતી.

ગુડાએ તેના પોતાના પ્લોટમાં પોતાની કચેરી માટે મકાન બનાવી દીધુ તો મનપાએ ફાયર સ્ટેશનની પાછળની ખુલ્લી જગ્યામાં ચાર મજલાની ઈમારત બનાવી અને કામગીરી પણ આરંભી દીધી છે.

ગાંધીનગર શહેર-જિલ્લાની કચેરીઓ માટે સરકાર જમીન આપવાની બાબતમાં સતત નકારાત્મક વલણ દાખવી રહી હોવાથી જિલ્લામાં પણ આ અંગે રોષની લાગણી પ્રસરી છે. ગાંધીનગર જિલ્લા પંચાયત માટે જગ્યા ફાળવવા ૭ વખતથી વધુ સામાન્ય સભાએ પ્રસ્તાવ પસાર કરેલો છે પણ સરકાર ધ્યાને જ લેતી નથી. ડબલ એન્જીનવાળી સરકાર જિલ્લામાં ત્રણ એન્જીનવાળી થાય છે પણ અહિ સ્થાનિક પ્રશ્નો ઉકેલવામાં સૌ ઉદાસીન વલણ અખત્યાર કરે છે.

● અનુસંધાન પાન-૭ પર

## સી. વીજીલ એપ પર આચારસંહિતા ભંગની બે ફરિયાદો મળતાં ટીમો દોડી

ગાંધીનગર, તા. ૬

વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ જાહેર થતાં જ આદર્શ આચારસંહિતાનો અમલ શરૂ થઈ ગયો છે. ચૂંટણી પંચે બનાવેલ સીવીજીલ એપ પર ગાંધીનગર જિલ્લામાં બે ફરિયાદો પણ આચારસંહિતા ભંગની મળી હોવાનું જાણવા મળેલ છે.

સીવીજીલ એપ પર નોંધાવવામાં આવેલ ફરિયાદનું ૧૦૦ મિનિટમાં દૂર કરી સમાધાન થાય તે તંત્રએ જોવાનું હોય છે. મળતી વિગતો પ્રમાણે સીવીજીલ એપ પર ગાંધીનગર (ઉ) વિધાનસભામાં બે જગ્યાએ પ્રતીકો દોરાયેલા અને અન્ય બાબતને લઈ ફરિયાદ મળી હતી. ફરિયાદ તંત્રને મળતાં જ તંત્રની એફ.એસ.સી.ની ટીમો દોડતી થઈ ગઈ હતી અને ૫૦ મિનિટમાં જ ફરિયાદનું નિરાકરણ કરાયાનું જાણવા મળેલ છે. ચૂંટણીપંચે સીવીજીલ એપ આદર્શ આચારસંહિતાના અમલ માટે લોકોની સક્રિયતા વધે તે માટે અમલી બનાવી છે. આ એપ પર નોંધાયેલી ફરિયાદનો નિકાલ ૧૦૦ મિનિટમાં જ કરવાનો હોય છે.

ગાંધીનગર જિલ્લમાં વિધાનસભાનો જંગ બીજા તબક્કામાં છે પણ લોકો આદર્શ આચાર સંહિતના અમલ માટે જાગૃત થયા છે તે થયેલ બે ફરિયાદોને આધારે સમજી શકાય છે. દરમ્યાન જિલ્લામાં વિવિધ સ્થાનો પર લગાવેલા હોર્ડિંગ્સ, બેનરો અને પોસ્ટરો દૂર કરવાની કામગીરી તંત્ર દ્વારા વેગીલી બનાવવામાં આવી છે.

## જિલ્લામાં પાંચ-પાંચ ઈકો ફ્રેન્ડલી, આદર્શ મતદાન મથક બનાવાશે

### દિવ્યાંગો મતદારો માટે પણ પાંચ મતદાન મથકો બનાવાશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠકોમાં પાંચ આદર્શ મતદાન મથકો, તેમજ પાંચ ઈકો ફ્રેન્ડલી અને પાંચ દિવ્યાંગો માટે મતદાન મથકો ઉભા કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા મત વિભાગમાં કુલ પાંચ આદર્શ મતદાન મથકો બનાવવામાં આવ્યા છે. જેમાં ૩૪ દહેગામમાં બૂથ નંબર-૧૩૬, મીઠાના મુવાડા-૩ (આંત્રોલી), પ્રાથમિક શાળા રૂમ નંબર-૧, ૩૫ ગાંધીનગર (દક્ષિણ) બૂથ નં. ૭૯, નવી ગુજરાતી પ્રાથમિક શાળા રૂમ નં.-૪, પુન્દ્રાસણ, ૩૬-ગાંધીનગર (ઉત્તર) બૂથ નંબર-૧૩૪ ગાંધીનગર-૪૩, સરદાર પટેલ વિદ્યામંદિર, સેક્ટર-૭, રૂમ નંબર-૧૨, ૩૭-માણસા બૂથ નંબર-૧૯૧, બળીયાનગર (માણેકપુર) પ્રાથમિક શાળા, જમણી બાજુ રૂમ, માણેકપુર-મકાખાડ અને ૩૮ કલોલ બૂથ નંબર-૯૦, કલોલ-૩૩, સુમન બાલ મંદિર રૂમ નંબર-૧૪ ખાતે આદર્શ મતદાર મથકો ઉભા કરાશે.

ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા મત વિભાગમાં કુલ ૫ ઈકો ફ્રેન્ડલી મતદાન મથકો ઉભા કરવામાં આવશે. આ મતદાન મથકો ૩૪-દહેગામમાં બારીયા-૪ (નવાગામ) પ્રાથમિક શાળા રૂમ નંબર-૧, ૩૫-ગાંધીનગર (દક્ષિણ)માં ૭૩ ટીંટોડા-૫ (કાકાના તારાપુર) ગુજરાતી પ્રાથમિક શાળા રૂમ નંબર-૪, કાકાના તારાપુર, ૩૬-ગાંધીનગર (ઉત્તર)માં પીંપળજ, પ્રાથમિક શાળા રૂમ નંબર-૩, નવુ પીપળજ, ૩૭-માણસામાં બોરૂ-૩ ગામની પ્રાથમિક શાળા અને ૩૮-કલોલમાં ૫ નવા ગામ, પ્રાથમિક શાળા ખાતે ઈકો ફ્રેન્ડલી મતદાન મથકો ઉભા કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં પાંચ વિધાનસભા મતવિભાગમાં ૫ પી.ડબલ્યુ.ડી. મતદાન મથકો ઉભા કરવામાં આવશે. જેમાં ૩૪-દહેગામમાં નાંદોલ-૫, પ્રાથમિક શાળા રૂમ નંબર-૨, ૩૫-ગાંધીનગર (દક્ષિણ)માં ૪૪-આલમપુર, પ્રાથમિક શાળા નંબર-૪, ૩૬-ગાંધીનગર (ઉત્તર)માં ૧૧૪ ગાંધીનગર-૨૪ ગુજરાત રાજ્ય કોળી સેવા સમાજ સી.કે. પટેલ શિક્ષણ ભવન, સેક્ટર-૪-એ ગાંધીનગર રૂમ નંબર-૫, ૩૭-માણસામાં ૨૪ મોતીપુરા (વેડા) પ્રાથમિક શાળા અને ૩૮-કલોલમાં ઓળા-૨ ખાતે પીડબલ્યુડી મતદાન મથકો ઉભા કરવામાં આવશે.

## ભાજપમાં ઉમેદવારોની જાહેરાત પહેલા આગોતરા ડેમેજ કંટ્રોલની કવાયત

ગાંધીનગર, તા.૬

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓને લઈને ભારતીય જનતા પાર્ટીએ ઉમેદવારોના નામો જાહેર થયા બાદ પક્ષમાં અસંતોષ ની આગ પ્રગટે નહીં તે માટે ડેમેજ કંટ્રોલ એકસરસાઈઝ હાથ ધરવા ગાંધીનગર સહિત દરેક જિલ્લાઓમાં ટીમો મોકલીને ટિકિટના દાવેદારો સાથે બેઠકોનો દોર શરૂ કર્યો છે.

ગુજરાત વિધાનસભાની ૧૮૨ બેઠકો માટે ઉમેદવારોની પસંદગી અંગે ત્રણ દિવસ પ્રદેશ ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મળી હતી જેમાં સંભવિત ઉમેદવારોની પેનલ યાદી તૈયાર કરી દેવામાં આવી હતી. આગામી ૯મી એ ભાજપની રાષ્ટ્રીય પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક મળનારી છે તેમાં ભાજપના ૧૮૨ બેઠક માટેના ઉમેદવારો ના નામો આખરી કરીને મંજૂરીની મહોર મારવામાં આવશે.

ભારતીય જનતા પાર્ટી ઉમેદવારોના નામો તબક્કા વાર જાહેર કરનાર છે. ભાજપ ઉમેદવારોના નામો જાહેર કરે અને ત્યારબાદ ટિકિટ ન મળવાના કારણે ટિકિટના દાવેદારો કે કાર્યકરોમાં નારાજગી ઊઠે અને બળવો થાય તો તેને રોકવા માટે ભાજપે અગાઉથી જ ડેમેજ કંટ્રોલ એક્સરસાઈઝ હાથ ધરવા માટેની કવાયત શરૂ કરી છે.


ભાજપે ઝોનવાર ભાજપના પ્રદેશ નેતાઓની ટીમો બનાવી છે. દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં ભાજપની ટીમો પહોંચી છે અને જિલ્લાના આગેવાનો તાલુકાના આગેવાનો તેમજ ટિકિટના દાવેદારો સાથે બેઠકો કરીને તમામ આગેવાનોને ભાજપ પક્ષ દ્વારા જે કોઈપણ

● અનુસંધાન પાન-૭ પર




શહેરના જાણીતા ફરસાણ અને સ્વીટ માર્ટ રાધે સ્વીટ્સમાં હિન્દી ફિલ્મ 'સત્ય પ્રેમ કી કથા'નું ત્રિ-દિવસીય શુટીંગ પુરૂ થયુ. ત્રણ દિવસ દરમ્યાન બોલીવુડના જાણીતા અભિનેતાઓ કાર્તિક આર્યન, કિયારા અડવાણી, ગજરાજ રાવ અને સિદ્ધાર્થ રાંદેરીયાના અલગ અલગ સિન્સનું શુટીંગ થયુ. છેલ્લા દિવસે સ્ટાર્સ અને કુ મેમ્બર્સે ખુબ મોજમજા કરી. શુટીંગ પુરૂ થયુ તે પછી ફિલ્મના ડાયરેક્ટર સમીર વિધ્વંશ અને અન્ય કલાકારોએ રાધેની વોલ પર હસ્તાક્ષર કરી તેમને શુભેચ્છાઓ પાઠવી હતી. રાધે સ્વીટ્સના ઓનર વિપુલભાઈ સુખડીયા તમામ સ્ટાર્સ અને કુ મેમ્બર્સ માટે ઘરેથી 'ગુજરાતી ખીચડી' બનાવીને લઈ આવ્યા હતા જે બધાએ ખુબ ટેસથી ખાધી હતી અને ગુજરાતી ખીચડીના વખાણ કર્યા હતા.

## બેસણું



દિલગીરી સાથે જણાવવાનું કે, અમારા પરમ પૂજ્ય પિતાશ્રી **ધીરૂભાઈ હરિભાઈ ચૌહાણ**, ઉ.વ. ૭૯, શુક્રવાર તા. ૪-૧૧-૨૦૨૨ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે. **સદ્દગતનું બેસણું તા. ૭-૧૧-૨૦૨૨ને સોમવારના રોજ બપોરે ૪ થી ૬** દરમિયાન રાખેલ છે.

| | |
|---|---|
| **સ્થળ :** | **કિરિટભાઈ ડી. ચૌહાણ** |
| **ધનલક્ષ્મી ટ્રેડર્સ** | **મહેશભાઈ ડી. ચૌહાણ** |
| **પ્લોટ નં. ૪૬૫,** | **જય, મયુર, ઉર્મિલ** |
| **વિશાલ ફ્લેટની બાજુમાં,** | **મો. ૯૮૨૫૪ ૮૪૮૪૪** |
| **સેક્ટર-૨૩, ગાંધીનગર.** | **મો. ૯૭૨૬૯ ૫૦૭૩૦** |

## પાંચમી પુણ્યતિથિ નિમિત્તે
## શ્રદ્ધાંજલિ



**સ્વ. સરસ્વતિબેન સૂર્યકાન્તભાઈ બારોટ**
સ્વ. તા. ૭/૧૧/૨૦૧૮

પરિવાર જેનું જીવન હતું, પરિવારના જીવનમાં સ્નેહ, વિનય, વિવેકનું સિંચન કર્યું.
સુખ છલકાવ્યું નહિ, દુ:ખ દેખાડ્યું નહિ.
તમારા જવાથી જીવનમાં કદી આ ખોટ પુરાશે નહિ.
આપના દિવ્ય આત્માને ભગવાન સ્વામિનારાયણ ચિર:શાંતિ અર્પે એજ અભ્યર્થના.

લી.
**સૂર્યકાન્ત આર. બારોટ**
નિવૃત્ત નાયબ માહિતી નિયામક

ગાંધીનગરમાં જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
**ટચૂકડી જાહેર ખબર**
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK500 ટી.એમ.ટી. સળીયા

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com